# યશો-વંદના અષ્ટક (૧)

(મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું – એ રાગ)

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી જિનવર શાસનના શણગાર,
ધૈર્ય ક્ષમા ને ગંભીરતાદિ અનેક ગુણ ગુણના ભંડાર;
જ્ઞાનયોગને સિદ્ધ કરીને ખૂબ બઢાવી શાસન શાન,
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૧

ધન્ય કનોડા ધન સોભાગદે ધન નારાયણ ધર્મશૂરા,
ધન સુહગુરુ શ્રી નયવિજયજી ધન ધન એ ધનજી શૂરા;
ધન સિંહસૂરિજી જેણે હિતશિક્ષાનાં દીધાં દાન,
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૨

ભર ચોમાસે મૂશળધારે વરસે પાણી દિવસ ને રાત,
'ભક્તામર'ની શ્રવણપ્રતિજ્ઞા કારણ ત્રણ ઉપવાસી માત;
સાત વરસના આપે ત્યારે સંભળાવ્યું એ સ્તોત્ર મહાન,
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૩

કાશીતલ વહેતી ગંગાના કાંઠે નિશ્ચલ ધ્યાન ધરી,
ભગવતી દેવી સરસ્વતીને રીઝવીને વરદાન વરી;
ગુરુવરચરણપસાયે સહેજે લાધ્યું આતમ અનુભવ જ્ઞાન,
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૪

વિક્રમસંવત સત્તર દશમાં પોષમાસે પાટણમાં,
ગુરુવર શ્રીનયવિજયજી સાથે દુર્લભ ગ્રંથો લિપિ કરતાં;
પંદર દિનમાં સાત મુનિએ ગ્રંથ લખ્યો નયચક્ર નામ,
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૫

# યશો-વંદના અષ્ટક (૨)

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી શ્રીપાલરાસને શરૂ કરે,
રાંદેરસંઘનો પૂર્તિ આગ્રહ વાચક જસ સ્વીકાર કરે;
સાર્ધ સપ્તશત ગાથા પછીનું પૂર્ણ કર્યું એ રાસનું ગાન,
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૬

સત્તર તેંતાલીસ ડભોઈતીર્થે ચરમ ચોમાસું આપ રહ્યા,
વરસ પંચાવન નિર્મળ સંયમ પાળી યશથી અમર થયા;
વ્હેલા વ્હેલા શિવપુર જાવા કર્યું આપે શું શુભપ્રસ્થાન,
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન, ૭

પ્રભુની આણા ગૌણ બની ને જ્ઞાનનો મારગ વિરલ બન્યો,
'શાસન મારું હું શાસનનો' એવો અંતર્નાદ ઘટ્યો;
એવા ટાણે આપના ગ્રંથો ટાળે સંઘનું તિમિર તમામ,
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન. ૮

## પ્રશસ્તિ

ન્યાયાચાર્ય ને ન્યાયવિશારદ યશોવિજયજી વાચક રાજ,
વરસ વીત્યાં છે ત્રણસો પૂરાં# સ્મરણ અંજલિ દઈએ આજ;
દેવ હેમનો સેવક ભાવે સકલ સંઘ સાથે પ્રણમે,
ચૈત્રી પૂનમ દિન ચરણવંદના કરીને જીવન ધન્ય ગણે. ૯

# વિ. સ. ૨૦૪૩

**- પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**

# હંસને

છોડી દે ને મલિન જળથી પૂર્ણ કાસાર કાળું,
તારે રે'વા સ્થળ ઉચિત એ ન્હોય વ્હાલા નઠારું.

જોને પાસે અધમ વિહંગો ધૃષ્ટ કેવાં ફરે છે,
દેખી તારું ધવલ તન હા ! હંસ હાંસી કરે છે.

તું તો જન્મ્યો વિમલ કુલના માનસે મ્હાલવાને,
ને સદ્ગંધે કમલવનની સ્વાન્ત સંતોષવાને.

જ્યાં ખેલે છે અમિત પ્રણયી રાજહંસો રૂપાળા,
મીઠા બોલા મૃદુલમનના તે સજાતીય તારા.

વૃત્તિ એવી સરસ સરમાં રાખીને ઊડ ઊંચે,
તો દેખાશે સ્થળ નિકટ એ યત્નને દૂર શું છે ?

વૃક્ષો વેલા વિમલ ઝરણાં આમ્રકુંજો હજારો,
એકી સાથે જરૂર કરશે સર્વ સત્કાર તારો.

ક્ષુદ્રો પાસે નિજ હૃદયની જે મહત્તા જણાય,
તે તે વ્હાલા, અધમ પથનો મુખ્ય હેતુ મનાય.

ને એ સંગે સમય વધતાં ડૂબી જ્યારે જવાય,
ત્યારે વ્હાલા, અમર-પથની કૈં ન આશા રખાય.

**- કવિ શ્રી દામોદર ખુશાલદાસ બોટાદકર**

# (૩) શ્રી સંભવનાથ જિન સ્તવન

(મન મધુકર મોહી રહ્યો - એ દેશી)

સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે;
ખામી નહિ મુજ ખિજમતે, કદિય હોશ્યો ફળદાતા રે.
સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે. ૧

કર જોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે;
જો મનમાં આણો નહિ, તો શું કહિયે થાંને રે.
સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે. ૨

ખોટ ખજાને કો નહિ, દીજે વંછિત દાનો રે;
કરૂણાનજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે.
સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે. ૩

કાળલબ્ધિ મુજ મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગજવર સાથે રે.
સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે. ૪

દેશ્યો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચું રે;
વાચક જશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે.
સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે. ૫

# (૩) શ્રી સંભવનાથ જિન સ્તવનનો અર્થ

હે ગુણના જ્ઞાતા શ્રી સંભવનાથ જિનેશ્વર દેવ ! મારી એક અરજ સાંભળો, આપની સેવા ચાકરી જે હું કરું છું તેમાં કોઈ ખામી નથી તો આપ ક્યારે ફળ આપનારા થશો ? ૧

હું દિવસ અને રાત બે હાથ જોડીને આપના ધ્યાનમાં ઊભો છું, એ હકીકત આપ ધ્યાન પર ન લો, તો આપને મારે શું કહેવું ? ૨

આપના ખજાનામાં કોઈ જાતની ખોટ નથી, તો ઈચ્છિત વસ્તુનું દાન આપો. જો પ્રભુની કૃપાદૃષ્ટિ હોય તો જ સેવકનો વાન - આત્મિક તેજ વધે છે, એવો નિયમ છે. ૩

હે નાથ ! અત્યારે "કાળલબ્ધિ" (મોક્ષગમનને યોગ્ય કાળ) નથી, એમ તમે ન ગણશો, કેમ કે "ભાવલબ્ધિ" (મોક્ષગમન યોગ્ય આત્મશક્તિ આપને પ્રગટ થયેલી છે એમાંથી જરૂર જેટલી શક્તિ મને આપવી તે) આપના હાથમાં છે. અથવા કાળલબ્ધિનો પરિપાક આપની ભક્તિને આધીન છે. મોટો હાથી સાથે હોય છે તો માંડમાંડ ચાલી શકતું હાથીનું બચ્ચું પણ ગજબનું જોર બતાવતું હોય છે. ૪

હે કૃપાનિધાન ! હું જે યાચું છું, તે જો આપ આપશો તો જ મારે જોઈએ છે. પણ બીજા પાસે હું તેની યાચના કરવાનો નથી. પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે કે આપ જરૂર આપશો જ એવો મારો નિશ્ચય છે અને તે ખરેખર ફળશે જ એમાં મને લેશ પણ શંકા નથી. ૫